RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 216, Dt.29-11-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# જામનગરમાં વેરો ન ભરનાર ૧૫ આસામીની મિલકત સીલ કરાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાપાલિકાની મિલક્ત વેરા શાખા દ્વારા વેરો ન ભરનાર આસામીઓને નિયમ અનુસાર વોરંટ તથા અનુસૂચીની બજવણી કરવામાં આવી હતી. આમ છતાં મિલકત વેરા ન ભરનાર ૧૫ આસામીની મિલક્ત સીલ કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમ્યાન સ્થળ પર ૨૬ મિલકત ધારકોએ રૂ.૩૯,૯૧,૯૩૮ની રકમ ભરપાઈ કરી હતી.જામ્યુકો દ્વારા જેમની મિલક્ત સીલ કરવામાં આવી છે તેમાં વિમલ પી. શાહ (રૂ.૫૭૬૨૦) અરૂણ અને ભરત બી. જોષી (રૂ.૧,૬૮,૮૩૩) મેરામણભાઈ બિલ્ડર (૨૯,૭૫૬), ( ૩૪૮૩૮), જયેશભાઈ વાળંદ (૨૮૮૫), આણદાબાપા (૪૩૦૨૬) રણછોડ જીવરાજ મંડલી (૭૮૭૨૩) નેશનલ ટ્રેડીંગ કંપની (૬૬૯૯૧), કિશોરભાઈ વિશનદાસ કરીયા (૨૨૩૪૩) બોદુભાઈ પાનવારા (૩૪૩૭૩), કિરીટભાઈ મોહનલાલ વાઘેલા (૪૧૧૨૪), નિર્મલાબેન મુકુન્દરાય પુરોહિત (૨૫૩૦૮), સોની વેલજી જાદવજી (૭૨૩૧૫), પુનમ કોમ્યુનિકેશન (૩૦૯૮૮),રેખાબેન એન. શાહ (૪૦૯૫૯) નો સમાવેશ થાય છે.આ કામગીરી દરમ્યાન સ્થળ પર કુલ ૨૬ મિલક્ત ધારકોએ રૂ.૩૯,૯૧,૯૩૮ ની રકમ ભરપાઈ કરી આપી હતી. જયારે બે મિલ્ક્તધારકોએ રૂ.૧,૧૦,૮૭૦ ના ડયુડેટનાં ચેક આપ્યા હતાં. આ રીકવરીની કામગીરી મ્યુનિ. કમિશનરની સુચના અનુસાર મિલ્ક્ત વેરા શાખાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં હજુ પણ વધુ કડક કાર્યવાહી કરવામાં આવનાર હોય તાત્કાલિક બાકી મિલકત વેરા ભરપાઈ કરવા તાકીદ કરાઈ છે.

# મોરબીના રેવન્યુ તલાટી લાંચ લેતા રંગેહાથ પકડાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રેવન્યુ તલાટી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજા રૂ. ૪,૦૦૦ ની લાંચ લેતા એસીબીના ગોઠવેલ છાંટકામાં પકડાય ગયા હતા. એન્ટી-કરપ્શન બ્યુરો (અઈઈ) દ્વારા માધાપર/વજેપર તલાટીમંત્રી ઓફિસ ખાતેથી રેવન્યુ તલાટીને લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. ફરિયાદી રેવન્યુ વકીલ દ્વારા કરવામાં આવેલ ફરિયાદ બાદ મોરબી એસીબી ટીમની ટ્રેપમાં રેવન્યુ તલાટી આબાદ ઝડપાય ગયા હતા.

મોરબીના રેવન્યુ વકીલ દ્વારા પોતાના અસીલ માટે ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા પ્રાંત અધિકારીને અરજી કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં રેવન્યુ તલાટીએ રૂપિયા ૪,૦૦૦ લાંચની માંગ કરી હતી. ત્યારે ફરીયાદી વકીલ લાંચ આપવા ન માંગતા હોય જેથી તેમણે મોરબી એસીબીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જે



બાદ એસીબીના ટ્રેપિંગ અધિકારીઓએ વ્યવસ્થિત ગોઠવેલા છટકા દરમિયાન તલાટી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજાને માધાપર/વજેપર તલાટીમંત્રી ઓફિસ ખાતે ફરીયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારતી વેળાએ રંગેહાથ પકડી લઈને તેની વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.આ કામગીરીમાં મોરબી એસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.એમ. લાલીવાલા, સુપરવિઝન અધિકારી કે.એચ. ગોહિલ અને એ.સી.બી. રાજકોટ એકમના ઈન્ચાર્જ મદદનીશ નિયામક સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# બરવાળા ગામની ખેતીની જમીનના લેન્ડ ગ્રેબિંગ કેસમાં બંને આરોપીઓ શરતી જામીન પર મુક્ત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના બરવાળા ગામની ખેતીની જમીન સર્વે નં. ૮૪/ પૈકી ૧ માં થયેલા લેન્ડ ગ્રેબિંગ કેસમાં આરોપીને મોરબીની વિશેષ લેન્ડ ગ્રેબિંગ કોર્ટ દ્વારા શરતી જામીન આપવામાં આવ્યા છે. આ કેસમાં ફરિયાદી તરફથી જમીનમાં થયેલા કબ્જાની ફરિયાદ બાદ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે આ કેસમાં આરોપી તરફથી મોરબીના સિનિયર વકીલ જીતેન્દ્રસિંહ આર. જાડેજા(જીતુભા) અને મયુર પુજારા દ્વારા કરવામાં આવેલ દલીલોને કોર્ટ તરફથી માન્ય રાખી બંને આરોપીઓની જામીન અરજી મંજુર કરી હતી.

મોરબી તાલુકાના બરવાળા ગામની ખેતીની જમીન સર્વે નં. ૮૪/પૈકી ૧ ની જમીન રવાપરના



રહેવાસી મગનભાઈ થોભણભાઈ ભાલોડીયાએ વર્ષ ૨૦૨૨માં ખરીદી હતી. તે જમીનમાં બરવાળા ગામના રતાભાઈ દેવાભાઈ અને રણછોડભાઈ જીવણભાઈએ કબજો કરી વાવેતર શરૂ કર્યુ હતું. કબ્જો ખાલી કરવાની ફરિયાદી તરફથી રજુઆત કરવા છતાં કોઈ પગલાં ન લેતાં, જમીન કબ્જા કેસ હેઠળ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ ફરિયાદના આધારે તાલુકા પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તે બાદ આરોપીઓ તરફે મોરબીની વિશેષ લેન્ડ ગ્રેબિંગ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. આરોપી તરફે સિનિયર વકીલ જીતેન્દ્રસિંહ આર. જાડેજા (જીતુભા) અને મયુર પુજારાએ કાયદાકીય દલીલ કરતાં કોર્ટએ બંને આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા અંગેનો આદેશ જારી કર્યો છે.

# ઉનામાં પંચવટી સોસાયટીમાં મહિલા ગોપી મંડળ દ્વારા રફાળેશ્વર મંદિર ખાતે શિવકથા મહાપુરાણનું ભવ્ય આયોજન



**મુખ્ય સમાચાર,ઉના**

(અબ્દુલ પઠાણ દ્વારા )

આજ રોજ ઉનાના ઉત્સવપ્રેમી ધારાસભ્યકાળુભાઈ રાઠોડ એ હાજરી આપી હતી. તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ આ ધાર્મિક પ્રસંગે ૨૧૦૦૦ હજાર રૂપિયાનું અનુદાન આપ્યું હતું આ ઉપરાંત શિવકથા મહાપુરાણ કથાના *છેલ્લા દિવસે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા તમામ ભાવી ભક્તો માટે મહાપ્રસાદ નું ભવ્ય આયોજન રાખવામા આવ્યું છે.આ પ્રસંગે તેઓની સાથે નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશી (રાધેભાઈ) ઉપસ્થિત રહ્યા હતા.

# દુષ્કર્મ અને એટ્રોસિટી ના ગુનામાં જેલમાંથી પેરોલ જમ્પ કરનાર કાચા કામનો કેદી મોરબી થી ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**



રાજકોટ જિલ્લા જેલમાં કાચા કામના કેદી અને દુષ્કર્મ અને એટ્રોસિટી ની ગુનામાં જેલમાંથી પેરોલ જમ્પ કરનાર આરોપીને મોરબી માંથી પેરોલ ફર્લો સ્કોડ યે ઝડપી લઈ જેલ હવાલે કર્યો છે.

અંગેની માહિતી મુજબ રાજકોટ શહેરના કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ દુષ્કર્મ અને એટ્રોસિટી ના ગુનામાં જામનગર ના વિજયનગર જનતા ફાટક તથા ભાવનગર રોડ પર માંડા ડુંગર પાસે રહેતો જીગર કે જીગો પરબત ભાદરકા નમના શખ્સની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા જે લવલે કરાયો હતો ત્યારબાદ આ શકશે રાજકોટ જિલ્લા જેલમાં વચગાળાના જામીન પર છૂટી ફરાર થઈ ગયો હતો આ અંગે પેરોલ ફર્લો ની ટીમના પીઆઇ સી એચ જાદવ ની સૂચનાથી પીએસઆઇ જે જી તેરૈયા સહિત ના સ્ટાફે આ સક્ષની શોધ કોળાદ્રી હતી તે દરમિયાન જીગર ઉર કે જીગો ભાદરકા મોરબીમાં હોવાની હકીકત મળતા પોલીસે નવરત્ન સ્ટ્રોન ભરડીયા માંથી આ સક્ષને દબોચી લઈ જેલ વાલે કરવામાં આવ્યો છે.

# મોરબીના ભક્તિનગર નજીક જીવનજયોતિ હાઈટ્સમાં ચોરી કરનાર આરોપીને મુદામાલ સાથે પકડી લેવાયો

## પોલીસે સોનાના દાગીના સહિત રૂ. ૯.૧૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ભકિતનગર સર્કલ ખાતે રાજેશપાર્ક જીવનજયોતિ હાઇટ્સના ફલેટમાંથી થયેલી ચોરીના ગુનામાં મોરબી સીટી એ ડીવીઝન પોલીસ દ્વારા આરોપીને પકડી પાડવામાં આવ્યો છે. આરોપી પાસેથી રૂ. ૯.૧૦ લાખના સોનાના દાગીના કબ્જે કરી આરોપીની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરના ભકિતનગર સર્કલ નજીક રાજેશપાર્ક જીવનજયોતિ હાઇટ્સના ફલેટમાં રહેતા પતિ-પત્ની ગામડે કથા શ્રવણ કરવા ગયા હતા અને પરિવારના અન્ય સભ્યો પણ ઘરે હાજર ન હોય તે દરમિયાન દરવાજાનો લોક ખોલીને સેટીમાં રાખેલ સોનાના દાગીનાની ચોરી થયા અંગેની ઘટના સામે આવી હતી. આથી ફરીયાદી દ્વારા સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં ચક્રો ગતિમાન કરી આરોપીને પકડી પાડવા તપાસ ચલાવી હતી.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એ.જાડેજાની આગેવાની હેઠળ એ.એસ.આઈ. રાજદીપસિંહ રાણા, હેડ કોન્સ ચકુભાઈ કરોતરા અને કોન્સ. હિતેષભાઈ ચાવડાએ



તપાસ હાથ ધરી હતી. ત્યારે સર્વેલન્સ સ્ટાફને મળેલ બાતમીના આધારે ફલેટની પાડોશમાં રહેતા મીલનભાઈ ફેફરની આગવી ઢબે પૂછપરછ કરતા આરોપીએ કબુલાત આપી કે ફરીયાદી બહારગામ ગયેલા હોય, તે સમયે ફલેટના દરવાજાનો લોક ખોલીને સેટીમાં રાખેલ સોનાના દાગીનાની ચોરી કરી હતી. બીજીબાજુ આરોપીએ ચોરેલ સોનાના દાગીના તેની દુકાન શુભ પ્લાયવુડ શનાળા રોડ પર રાખ્યા હતા. જેથી પોલીસે દુકાન પરથી તમામ મુદામાલ કબ્જે કર્યો હતો, જેમાં સોનાના બલોયા, પેન્ડલ-બુટી અને ચેઈન સહિત કુલ કિ.રૂ. ૯.૧૦ લાખના દાગીના પરત મેળવ્યા હતા. આ સાથે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મીલનભાઈ લાલજીભાઈ ફેફર ઉવ.૨૯ રહે.ભક્તિનગર સર્કલ રાજેશપાર્ક જીવનજયોતિ હાઈટ્સના બ્લોક નં.૫૦૧ની ધરપકડ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર કલેકટર કચેરી ખાતે જીલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

અરજદારોની ૧૧ જેટલી અરજીઓનું સ્થળ પર જ સંતોષકારક નિરાકરણ લાવતા કલેકટર બી.કે.પંડ્યા.ડ્રાઈવિંગ લાયસન્સ, જમીન માપણી, પ્રધાનમંત્રી આવાસ યોજના, દબાણ, ગેરકાયદેસર બાંધકામ સહિતની અરજીઓનો નિકાલ કરાયો



જામનગર જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જીલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં કલેકટરએ અરજદારોની અરજીઓને સાંભળી યોગ્ય કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચનો કર્યા હતા.કાર્યક્રમમાં જામનગર જીલ્લાના ૧૧ જેટલા અરજદારોની અરજીઓનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ અરજીઓમાં મુખ્યત્વે ડ્રાઈવિંગ લાયસન્સ, જમીન માપણી, પ્રધાનમંત્રી આવાસ યોજના, દબાણ, ગેરકાયદેસર બાંધકામ અંગેના અરજદારોના પડતર પ્રશ્નો અંગે કલેકટરએ લગત અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી ત્વરિત અને સંતોષકારક નિવારણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે સ્વાગત કાર્યક્રમ અંતર્ગત લોકોના વણઉકેલ્યા પ્રશ્નો સાંભળીને સંબંધિત વિભાગો સાથે સંકલન કરીને ઝડપથી અને સમય મર્યાદામાં નિરાકરણ આવે સુનિશ્ચિત કરવામાં આવે છે.આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, શહેર પ્રાંત અધિકારી પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં મનપા સ્ટેન્ડિંગ કમિટી બેઠક યોજાઈ, ૨૪ લાખથી વધુના વિકાસ કામો મંજૂર



જામનગર મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની મિટિંગ ગ ચેરમેનના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં બે વર્ષ રેઈટ કોન્ટ્રાકટ ફોર ટુ એન્ડ ફો ટ્રાન્સપોટેશન ઓફ લીક્વીડ કલોરીન ટર્નર એન્ડ સીલીન્ડર બીટવીન જામનગર-વડોદરા વચ્ચે (જી.એ.સી.એલ.) ના કામ અંગે રજુ થયેલ દરખાસ્તમાં બે વર્ષના ખર્ચનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી પ્રથમ વર્ષનું રૂ.૧૯.૦૯ લાખનું મંજુર કરવામાં આવ્યું હતું. સ્ટોર્સ શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જામનગર મહાનગર સેવા સદનની જુદી-જુદી શાખાઓ માટે ફોટોકોપીના કામ માટે રૂ. ૪ લાખ મંજુર કરવામાં આવ્યા હતાં.સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટ અંતર્ગત સિવિલ નોર્થ ઝોન વોર્ડ નં.૨,૩,૪ માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીંગ વર્કસ ના કામ માટે રૂ.૧ લાખ મંજુર કરાયા હતાં. સીધી ભરતી-બઢતીના રીક્રુટમેન્ટ રૂલ્સ (આર.આર.) અંગે ચીફ ઓડીટરની રજુ થયેલા દરખાસ્ત તથા સીધી ભરતી-બઢતીના રીક્રુટમેન્ટ રૂલ્સ (આર.આર.) અંગે સેક્રેટરીની રજુ થયેલ દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. એક દરખાસ્ત અધ્યક્ષસ્થાનેથી રજૂ થઈ હતી. જેમાં જામનગર મહાનગર પાલિકાની જુદી-જુદી શાખામાં ટેકનિકલ અને વહીવટી કામગીરી માટે જુદી-જુદી જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણૂક ૬ માસ માટે આપવાનું મંજુર કરાયુ હતું.

# મહીલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન સેમિનાર યોજાયો

■ **જામનગર જીલ્લા મહીલા અને બાળ વિભાગના માર્ગદર્શન હેઠળ**

**મુખ્ય સમાચાર,જામનગર**

મહીલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અન્વયે જામનગર જીલ્લા મહીલા અને બાળ વિભાગના માર્ગદર્શન હેઠળ ડિસ્ટીક હબ એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ના જેન્ડર સ્પેશ્યાલિસ્ટ પુજા પરમાર દ્વારા દળસ કર્મચારીઓ તેમજ વોર્ડ નંબર ૭ના કોર્પોરેટરના સંકલન અને સહયોગ વડે ખોડીયાર કોલોની ખાતે મહિલાઓ સાથે ઘરેલુ હિંસાના કાયદા અંતર્ગત DIR નોંધાવવા અંગે જાગૃતતા બાબતે સેમિનારનું આયોજન કરવામાં આવેલ.



આ કાર્યક્રમમા Domestic Incident Report અંગે જાગૃતતા લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા તેમજ પીડિત બહેનો કેવા સંજોગોમાં DIR ફાઈલ કરી શકે અને કોની મદદ( NGO other organisations) મેળવી શકે એ અંગે માહિતી આપવામાં આવેલ.

પીડિત મહીલા કયાં કયાં ફરિયાદ કરી શકે, ફરિયાદ કર્યા બાદ તેની કાર્યવાહી કઈ રીતે થાય છે તે સંબંધિત માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં જામનગર જિલ્લા અને ગ્રામ્યના કર્મચારીઓ, સખી વન સ્ટોપની ટીમ , ગુંજન શાળાનાં આચાર્ય કિરણ બેન, ખોડીયાર કોલોની વિસ્તારના કોર્પોરેટર પ્રભાબેન ઊપસ્થિત રહેલ.

# રાત્રી દરમિયાન કોમ્બિંગ કરી ૪૦૦ પેટી દારૂ રૂ.૨૧ લાખના દારૂના કેસમાં બે મહીનાથી ફરાર પાંચ સહીત ૧૩ આરોપીઓને પકડી પાડ્યા

**મુખ્ય સમાચાર,ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા પ્રોહીબિશન ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં ઉના વિસ્તારમાં રાત્રી દરમિયાન ૧૩ કેસ કરવામાં આવ્યા છે. આ કોમ્બિંગ ડ્રાઈવમાં ઉના, નવાબંદર અને ગીર ગઢડા પોલીસ સ્ટાફ તેમજ જિલ્લા એલસીબી અને જ્યગ્રુએ સાથે કામ કર્યું. કોમ્બિંગ ડ્રાઈવ કરી પ્રોહીબિશનના કુલ ૧૬ કેસો કરી કુલ -૧૩ આરોપીઓને રૂ. ૩૭૦૪૫ ના દારૂ મુદામાલ સાથે પકડી પાડ્યા હતા. આ સિવાય ઉનાના એક ૪૦૦ પેટી દારૂના રૂ.૨૧ લાખના પ્રોહીબિશનના કેસમાં બે મહીનાથી ફરાર પાંચ આરોપીઓને પણ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

જુનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહીબિશનની ડ્રાઈવ રાખેલ રેઈડ કરી હતી.

આ અંગે એલ.સી.બી., એસ.ઓ.જી.ઊના, ગીર ગઢડા તથા નવાબંદર મરીન દ્વારા અલગ અલગ ટીમો બનાવી હતી. જેમાં પીઆઈ ૨, પી એસ આઈ ૯ તથા પોલીસ સ્ટાફ સહીત કુલ ૧૦૦ ની ટીમ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. રાત્રીના કોમ્બિંગ દરમ્યાન ૪૦૦ પેટી દારૂના કેસમાં નાસતા ફરતા કુલ ૫ આરોપીઓ તથા દારૂના કેસ (સફળ રેઈડ) ૧૬ તથા નીલ રેઈડ ૨૮ કરી કુલ ૩૩૦૪૫ ના દારૂ મુદામાલ સાથે કુલ ૧૩ આરોપીઓને પકડી પાડવામાં આવેલ છે. દારૂના



કેસ ૧૬ જેમાં દેશી અને વિદેશી દારૂની બોટલો, તાડી, બાઈક સહિત કુલ કી.રૂ. ૬૪,૫૭૦ મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

એલ સી.બી. ઈ.ચા. પીઆઈ એ.બી.જાડેજા, પી એસ આઇ એ.સી.સિંધવ, એસ.ઓ.જી. ઈ.ચા. પીઆઈ એન.બી.ચૌહાણ,પી એસ આઇ એન.જી.વાઘેલા, ઉના પીઆઈ એમ.એન. રાણા, પી એસ આઇ આર.પી. જાદવ, આર.એચ.સુવા, જે. આર ડાંગર, પી.જી.જોશી, ગીરગઢડા પીઆઈ વાય આર. ચૌહાણ, પી એસ આઈ એમ.એચ ભુવા, આર. એસ. લોટ તથા નવાબંદર ઈ. ચા. પીઆઇ વી.કે ઝાલા તથા પોલીસ સ્ટાફ સહીત એ આ રાત્રી દરમ્યાન કોમ્બિંગ કામગીરીમાં જોડાયા હતા.

# ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં ફરી માવઠાનું કમઠાણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની અંબાલાલ પટેલે આગાહી કરી છે. લો પ્રેશરના કારણે મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહ માં દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. બંગાળની ખાડીમાં જે ડીપ ડિપ્રેશન ચક્રવાતમાં પરિવર્તિત થશે તો તેનું નામ ફેંગલ રાખવામાં આવશે. આ તોફાનની અસર તામિલનાડુ પાડેચેરી અને ચેન્નઈના ભાગોમાં ૨૯ નવેમ્બર થી ૨ ડિસેમ્બર સુધી થવાની શક્યતા છે.

તામિલનાડુથી પોંડીચેરીનો ભાગ ચેન્નઈના ભાગમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પવનની ગતિ ૬૫ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકે રહેશે. કેટલાક વિસ્તારમાં ૮૦ થી ૯૦ કિલો મીટર પ્રતિ કલાકે પવન ફુંકાશે. તેની અસર આંધ્ર ઓરિસ્સા તેના વાદળોની અસર પૂર્વ રાજસ્થાનના ભાગ તરફ આવી શકે છે.

ત્રણથી પાંચ ડિસેમ્બરમાં અરબી સમુદ્રમાં પણ લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. અન્ય ડિપ્રેશન થાય મુંબઈ સુધી અને દક્ષિણ ગુજરાત સુધીમાં વરસાદ કે વાદળો આવવાની સંભાવના છે.

બીજું લો પ્રેશર ૫ ડિસેમ્બર આસપાસ બંગાળના ઉપસાગરમાં થવાની સંભાવના છે. વાદળોના અસરના કારણે રાજ્યમાં ૨૯ નવેમ્બર થી ડિસેમ્બરની શરૂઆતમાં મહત્તમ તાપમાન ઘટવાની શક્યતા અને લઘુત્તમ તાપમાન વધવાની સંભાવના છે. સવારમાં લઘુતમ તાપમાન વધતા અમુક વિસ્તારોમાં ઠંડીની આંશિક અસર જોવા મળશે.

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત પશ્ચિમ સૌરાષ્ટ્ર કચ્છમાં ઠંડીમાં રાહત થશે. ઉત્તર ગુજરાતમાં પંચમહાલ સાબરકાંઠા અમુક અંશે ઠંડી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ડિસેમ્બરના બીજા સપ્તાહમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી શકે છે. હાલમાં વેસ્ટન ડિસ્ટર્બન્સ મજબૂત નથી.

ઉત્તર પર્વતીય પ્રદેશોમાં હિમ વર્ષાની અસર જોવા મળી રહી છે. હાલમાં યુરોપ અને અમેરિકામાં રેકોર્ડ બ્રેક ઠંડી પડવાની શક્યતા છે. દક્ષિણ ચીનમાં પણ સખત ઠંડી પડશે. ૨૨ ડિસેમ્બરથી દેશ સહિત ગુજરાતના ભાગોમાં હાડ થીજવતી ઠંડી પડશે.

૨૭ ડિસેમ્બર બાદ ઠંડી માં વધારો થતો જશે અને જાન્યુઆરીના શરૂઆત સુધીમાં લઘુત્તમ તાપમાન અમુક ભાગોમાં આઠ ડિગ્રી અમુક ભાગોમાં ૧૦ ડિગ્રી થવાની શક્યતા છે. એશિયામાં આવતા પવનોના કારણે ભારતમાં પણ ઠંડીનો અનુભવ થશે.

# મોરબી, અમદાવાદ, મહેસાણામાં ઈન્કમટેકસનું મેગા દરોડા ઓપરેશન

## મોરબીમાં જીવરાજ ફુલતરીયાના તીર્થક પેપર અને સોહમ કોલ પર સવારથી તવાઈઃ મહેન્દ્ર પટેલ – ભાગીદારોના નિવાસ પણ ઝપટે ચડયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત-સૌરાષ્ટ્રમાં લાંબા સમય બાદ ઈન્કમટેકસ વિભાગ દ્વારા મેગા દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. મોરબી, અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, હિંમતનગર, મિતાણા સહીતનાં શહેરોમાં આજે સવારથી સામુહીક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બિલ્ડર કોલસાના વ્યાવસાયિક સિરામીક સાથે સંકળાયેલા ધંધાર્થીઓનાં 30 થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કરોડો રૂપિયાની કરચોરી પકડાવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગનાં ટોચના સુત્રોએ જણાવ્યું હતું કે, આજે સવારથી રાજયના અર્ધો ડઝન શહેરોમાં દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં 30 થી વધુ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. અમદાવાદનાં ટ્રોઝન તથા ધરતી ગ્રુપના ઉપરાંત મહેસાણાનાં રાધે ગ્રુપ મુખ્ય હતા. તેમના કનેકશનમાં મોરબી, મિતાણા, ગાંધીનગર તથા હિંમતનગરમાં સામુહીક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બિલ્ડર અને રોડ કોન્ટ્રાકટર એવા મહેન્દ્ર પટેલની ઓફિસ, નિવાસ સ્થાન ઉપરાંત અમદાવાદના વૈષ્ણવદેવી સર્કલ નજીક પ્રોજેકટ સાઈટ દરોડા ઓપરેશનમાં કવર કરી લેવામાં આવી છે. તેમના ભાગીદારોના નિવાસ સ્થાને પણ સર્ચ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ટ્રોગન, ધરતી અને રાધે ગ્રુપ મોટા ગજાના બિલ્ડરની શ્રેણીમાં આવતા હોવાની અને મોટા પ્રોજેકટ ધરાવતા હોવાની ચર્ચા છે. તેમના કનેકશનમાં ચાવડા ઈન્ફ્રાસ્ટ્રકચરમાં પણ તપાસની ચર્ચા છે.

મોરબીમાં જીવરાજભાઈ ફુલતરીયાના તીર્થક પેપર ગ્રુપમાં પણ સવારથી તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો છે. તેમના રવાપર રોડ ખાતેના નિવાસસ્થાન તથા ઓફિસ, ફેકટરીમાં પણ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સિવાય કોલસાના વ્યવસાય સાથે સંકળાયેલા સોહમ કોલના મોરબી અને મીતાણાના સ્થળોએ પણ દરોડા પાડવામાં આવ્યા છે. આ બંને જૂથ અમદાવાદના બિલ્ડર ગ્રુપ સાથે ભાગીદારી ધરાવતા હોવાનું કહેવાય છે. સોહમ કોલના માલિકના અમદાવાદ સ્થિત રહેઠાણમાં પણ દરોડા હોવાની ચર્ચા છે.

આવકવેરા વિભાગ દ્વારા ૧૫૦થી વધુ અધિકારીઓના કાફલા સાથે રાજયના અર્ધો ડઝન જેટલા શહેરોમાં 30થી વધુ સ્થળોએ એકસામટા દરોડા હાથ ધરવામાં આવતા વેપાર ઉદ્યોગકારોમાં ફફડાટ ફેલાયો છે.

આવકવેરા વિભાગ દ્વારા લાંબા વખત પછી મોટુ દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જ ઢગલાબંધ શંકાસ્પદ અને બિનહિસાબી દસ્તાવેજો મળી આવ્યા છે. બેન્ક લોકરો તથા બેન્ક ખાતાઓની મોટી વિગતો મળી છે.

ફિઝીકલ અને ડિજીટલ દસ્તાવેજો જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરોડા ઓપરેશન ત્રણેક દિવસ ચાલુ રહેવાનું માનવામાં આવી રહ્યું છે અને કરોડો રૂપિયાની કરચોરીનો પર્દાફાશ થવાની આશંકા છે. આવકવેરા વિભાગના આજે સવારથી મોરબી, અમદાવાદ, મહેસાણા સહિત રાજયના અર્ધો ડઝન શહેરોમાં મોટા પાયે દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. અમદાવાદ અને મહેસાણાના કનેકશનમાં મોરબીમાં દરોડા હોવાની ચર્ચા છે.

મહેસાણાના ગ્રુપ સાથે મોરબીના ઉદ્યોગકારોની ભાગીદારી હોવાનું કહેવાય છે. દરમ્યાન દરોડા ઓપરેશન સાથે એવી ચર્ચાએ જોર પકડયું છે કે ઈન્કમટેકસની ઝપટે ચડેલા એક ઉદ્યોગપતિ મોરબીના ટોચના રાજકીય નેતાના વેવાઈ થાય છે.



# રાશનકાર્ડમાં E-KYC: રાજયભરમાં હોબાળોઃ ઠેર-ઠેર લાંબી લાઈનો

## કામગીરી સાવ ધીમીઃ રાજકોટ-અમદાવાદ-વડોદરા તમામ સ્થળે વિરોધ વંટોળઃ સરકાર કંઈક પગલા ભરે અથવા તારીખો વધારે તે જરૂરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત હાલ સમગ્ર રાજયમાં રાશન કાર્ડની E-KYC ની મગજમારી ચાલી રહી છે. સરકારે KYC ફરજિયાત કરતાં હવે રોજે રોજ સેન્ટરો પર લાંબી લાઈનો લાગે છે. KYC કરાવવાની અંતિમ તારીખ આવી જતાં હવે લાઈનો વધવા લાગી છે....કયાંક આધાર કાર્ડ અપડેટ માટે પણ લોકો લાઈનોમાં છે. લાઈનો ઓછી થઈ રહી નથી, મુશ્કેલી ઓછી થવાની જગ્યાએ વધી રહી છે. પણ સરકાર કે સરકારી તંત્ર એવું કોઈ કામ નથી કરતું કે જેનાથી લોકોને રાહત મળે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં KYC નો એવો કકળાટ ચાલી રહ્યો છે કે લોકો કંટાળી ગયા છે. કોઈનું થાય છે, તો કોઈનું KYC થતું નથી...જેના કારણે લોકોમાં રોષ છે...કલાકો નહીં એક-બે દિવસ સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ પણ સમસ્યાનું સમાધાન નથી આવતું...જો સમાધાન નજીક હોય ત્યારે સરકારનું સર્વર ડાઉન થઈ જાય છે. એટલે કે ફરી લાઈનમાં ઉભું રહેવું પડે છે. તેમાં પણ પાછો નંબર આવ્યો તો આવ્યો નહીં તો હરી હરી.

રાજકોટ સહિત રાજયભરમાં લોકો રાશનકાર્ડમાં KYC અને આધાર કાર્ડમાં અપડેટ માટે લોકો જીવનું જોખમ ખેડી રહ્યા છે....કારણ કે લાઈનમાં ઉભા રહેલા લોકો જે બિલ્ડીંગમાં ઉભા છે તે જર્જરિત છે. ખખડી ગયેલા બિલ્ડીંગમાં લોકો રાશન મળે તે માટેKYC ની માથાકૂટમાં લાગેલા છે. વડોદરાની જૂની જિલ્લા કલેકટર કચેરી બિસ્માર સ્થિતિમાં છે. બિલ્ડીંગ તુટેલી ફુટેલી હોવા છતાં પુરવઠા વિભાગ લોકોને બોલાવી KYC ની કામગીરી કરી રહ્યું છે. રાજકોટમાં તો આધાર કાર્ડ કઢાવવું જાણે માથાનો દુઃખાવો બની ગયું છે...આધારમાં અપડેટ કરાવવું હોય કે પછી જન્મ-મરણનો દાખલો...શહેરના લોકોને હાલાકી, મુશ્કેલી અને સમસ્યા સિવાય બીજું કંઈ જ નથી મળી રહ્યું...આધાર કેન્દ્રો પર વહેલી સવારથી ૩૦૦ થી વધુ લોકો લાઈનમાં લાગે છે. પણ નંબર માંડ ગણ્યાગાંઠયા લોકોને આવે છે. કારણ કે અહીં પણ સરકારી સર્વર વારંવાર ડાઉન થઈ જાય છે....લાંબી લાઈનો પણ સરકારી તંત્રને કોઈની પડી જન નથી...સરકારી વિભાગે લોકો માટે નતો પાણીની પણ વ્યવસ્થા કરી છે...અરજદારોને બેથી ત્રણ ધકકા ખાવાનું જાણે નક્કી જ છે.મહાનગરોની સાથે ગ્રામ્ય વિસ્તાર અને નાના જિલ્લામાં તો સ્થિતિ વધારે ખરાબ છે...બોટાદ જિલ્લામાં KYC કરાવવામાં લોકોને. ભારે મુસિબત વેઠવી પડી રહી છે....KYC માટે આધાર કાર્ડ અપડેટ હોવું જરૂરી છે...તેથી પહેલા લોકોને આધાર માટે લાઈનમાં લાગવું પડે છે...ત્યારબાદ રાશન કાર્ડમાં KYC માટે લાંબી



લાઈન લગાવવી પડે છે. ૩૧ ડીસેમ્બર KYC ની અંતિમ તારીખ હોવાથી લોકોના ધાડેધાડા ઉમટયા છે...પણ સરકારી તંત્ર પાસે કોઈ ઉકેલ નથી. હોશિયાર અધિકારીઓને એ ખબર નથી હોતી કે ઝડપથી લાગુ કરતાં નિર્ણયને પહોંચી કેવી રીતે વળાશે?....કારણ કે કયાંય પુરતી કીટ નથી તો કયાંય પુરતો સ્ટાફ ન હોવાને કારણે લોકો હેરાન થઈ રહ્યા છે. જોવું રહ્યું કે લોકોને આ મોટી હાડમારીમાંથી કયારે મુકિત મળે છે? રાજકોટમાં તો પુરવઠાની ચારેય ઝોનલ કચેરીમાં બેફામ લાઈનો હોય છે, દરરોજ ધમાલ-બબાલ-માથાકૂટ-અરાજકતા સર્જાય છે.

# ૩.૫ના બાકી વીજબિલ પેટે ૨.૩૪ કરોડ બિલ ભરતી ગોંડલ પાલિકા

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ નગર પાલિકાએ ૧૫માં નાણા પંચ પાસ થતા સૌ પ્રથમ પીજીવીસીએલનું ૨, ૩૪, ૯૯, ૯૬૦/- રૂપિયા નું વીજ બીલ ભર્યું છે. પીજીવીસીએલ ને આશરે સાડા ત્રણ કરોડનું વીજ બાકી હતું. પીજીવીસીએલ દ્વારા નગરપાલિકાને અલગ અલગ વોટર વર્કસ, સ્ટ્રીટલાઈટ જેવા ૧૦૪ વીજ કનેકશનનું જોડાણ આપવામાં આવ્યું છે. ધારાસભ્ય ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, પૂર્વ કારોબારી ચેરમેન પૃથ્વીસિંહ જાડેજા સહિતના ની રાજ્ય સરકાર માંથી વીજબીલ ની રકમ મેળવવા કરાયેલી મહેનત રંગ લાવી હતી.




નગરપાલિકાના હોદેદારોએ જણાવ્યું કે ૧૮ મહિનાથી બિલ ભરપાય થયું ન હતું. ૩.૮૫ કરોડની રકમ સરકાર પાસે માંગણી કરવામાં આવી હતી. ૨,૩૪,૯૯,૯૬૦/- રૂપિયા સરકારમાંથી આવ્યા છે. હજુ વધારે રકમ ની માંગણી કરી છે. હજુ વધારે રકમ પાસ થશે તો વીજ બિલની તમામ રકમ ભરપાય કરી દેવામાં આવશે.

નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ઉપ પ્રમુખ પરિતાબેન ગણાત્રા, કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા, વીજળી શાખાના ચેરમેન મનીષભાઈ રૈયાણી, વાહનશાખા ના ચેરમેન ના પ્રતિનીધી સમીરભાઈ કોટડીયા સહિતના એ પીજીવીસીએલના કાર્યપાલક ઈજનેર એન.જે.મેં, ડેપ્યુટી એન્જીનીયર એસ.પી. કણસાગરા અને નાયબ અધિક્ષક એચ.બી.પટેલ ને ચેક આપ્યો હતો.

# જુનાગઢ મંદિર ગાદી વિવાદ મામલે ગીરીશ કોટેચા સામે થયેલા આક્ષેપો પાયા વિહોણા

## સામાજિક આગેવાન અને જુનાગઢના ડેપ્યુટી મેયરએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જુનાગઢ અંબાજી મંદિર ગાદી વિવાદ મામલે મહેશગીરી દ્વારા જુનાગઢના સામાજીક આગેવાન અને ડેપ્યુટી મેયર ગીરીશ કોટેચા સામે કરેલ ગંભીર આરોપ પાયા વિહોણા છે.

મહેશગીરી જુનાગઢના સાધુ સંતોની ગાદીઓ પર નજર નાંખતા પહેલા પોતાના ગીરેબાન પર નજર નાંખે ગીરીશ કોટેચાએ જણાવ્યુ હતું કે, જુનાગઢના ગુરૂદતાત્રેના કમંડળકુંડના અમૃતગીરી બાપુના સંપર્કમાં આવ્યો અને મહેશગીરી અમૃતગીરી બાપુની નજીક આવ્યો. કમંડળકુંડના અમૃતગીરીનું અવસાન થયું તે પણ શંકાના દાયરામાં છે. મહેશગીરી ત્યારબાદ ગાદીપતિ બન્યો અને તેના હાથના કમંડળકુંડ અને ભેસાણમાં અમૃતગીરીની જગ્યાનો કબ્જો લઈ લીધો હતો.

મહેશગીરી ભવનાથમાં આવ્યા બાદ શ્રી શ્રી રવિશંકરના સંપર્કમાં આવ્યો અને તેને આર્ટ ઓફ લીવીંગમાં લઈ ગયા જયાં તેને શ્રી શ્રી રવિશંકરને હિપનોટાઈઝ કરી લીધા અને તેના પર પગ મુકી રાજકારણમાં એન્ટ્રી કરી અને દિલ્હી સાંસદની ચુંટણી ભાજપમાંથી લડી સાંસદ બન્યા હતા.

શ્રી શ્રી રવિશંકરના આશ્રમમાં તમામ વહિવટો સંભાળતો જોકે ત્યાં એવુ તે શું બન્યુ કે તેને આશ્રમ છોડી પાછુ ભગવા પહેરવા પડયા અને જુનાગઢ આવવું પડયું તેનું કારણ શું ? શ્રી શ્રી રવિશંકર અને મહેશગીરી વચ્ચે શું સંબંધો હતા તે જાહેર કરવામાં આવે અને કેમ સંબંધો નથી રહ્યા તે કેમ નથી. ભારતીય જનતા પાર્ટીએ શ્રી શ્રી રવિશંકરના કહેવાથી સાંસદ બનાવ્યા જોકે એવા તે શું કામ કર્યા કે અમિત શાહ અને નરેન્દ્ર મોદીએ તેની ટીકીટ રીપીટ ન કરી અને ફરી ચુંટણી ન લડાવ્યા. રાજકારણમાં તેને ભાજપે ટીકીટ આપી છતાં ખોટી રીતે અમિત શાહનું નામ લઈ અને રૂપિયા લીધાનો આરોપ લગાવે છે.

ગીરીશ કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે, જુનાગઢના જૈન અને હિન્દુઓ શાંતિથી રહેતા હતા તો જૈન સંતોની સામે મહેશગીરીએ વિવાદો શરૂ કર્યા જૈન સંતો ચતુરમાસ કરવા આવતા હોય તો તેની સાથે પણ ઝઘડો કરી પોતે વિવાદમાં રહેવું અને કઈ રીતે હેરાન કરવા તે જ કામ.ભુતનાથ મંદિરમાં મહેશગીરી કઈ રીતે મંદિરમાં એન્ટ્રી કરી તે પણ શંકાના દાયરામાં છે. ભુતનાથ મંદિરમાં કોઈ લેવા દેવા ન હોવા છતાં વિકલોની મદદથી આવ્યો. કઈ રીતે મંદિરમાં ટ્રસ્ટમાં પ્રવેશ કર્યો તેનો ખુલાસો કરે. તમારે કોઈ લેવા દેવા નહતુ. ભુતનાથ મંદિરના મહંત ૮૫ થી ૯૦ વર્ષના થયા ત્યારે કાગળ ઉપર ખોટા અંગુઠા લઈ લખાણો કરાવી લીધા હતા.

ગીરીશભાઈ કોટેચાએ જણાવ્યું હતુ કે ૨ વર્ષ પહેલા પણ ગીરીનાર પરિક્રમાની બેઠકમાં કલેકટર સાથે માથાકુટ કરી હતી અને પરિક્રમા દેવ દિવાળીથી જ શરૂ કરવામાં આવે તેને લઈને વિવાદ કર્યો હતો. જે ખૂબ જ ચર્ચામાં રહયો હોવાના કારણે જુનાગઢની છાપ ખરડાઈ હતી.

તનસુખગીરી બાપુ સાથે પણ ક્રિમીનલ માણસની જેમ મહેશગીરી દ્વારા વર્તન કરવામાં આવ્યું હતું અને મોડી રાત્રે જઈ વિડીયો શુટીંગ કરી માથાકુટો કરી હતી. આ માણસ વિકૃત અને નેગેટીવ ઉર્જા ધરાવતો હવાનું ગીરીશ કોટેચાએ જણાવ્યું હતું.

મંદિરની ગાદી માટે દેશના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ૫ કરોડ રૂપિયા અને આઈ.એ.એસ. અધિકારી રાહુલ ગુપ્તા અને આલોકકુમાર પાંડે દ્વારા પણ રૂપિયા લીધા હોવાના આરોપ લગાવે છે. જે આરોપ સામે રાજય સરકાર મહેશગીરી સામે તપાસ કરાવે તે જરૂરી હોવાનું ગીરીશભાઈ કોટેચા દ્વારા માંગ કરવામાં આવી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુખ્યમંત્રી પાસે આ મહેશગીરી અને તેને જે સંસ્થાઓમાં હોદાઓ ધરાવે છે તે ત્રણેય સંસ્થાઓ સામે તપાસ કરાવની માંગ અને સીબીઆઈ તપાસની માંગ કરૂ છું. ૩-૩ આઈ.એ.એસ. અધિકારીઓ સામે આરોપ લગાવનાર સામે તપાસ થવી જરૂરી છે. દેશના ગૃહમંત્રી અમિત શાહ સામે પણ તેને આરોપ લગાવ્યા છે તે મહેશગીરી સાથે ભાજપના કાર્યકરો પણ સંપર્ક ન રાખે અને સમર્થન ન કરે તેવી અપીલ કરૂ છું. રૂપિયા લેવાની આદત દેશના ગૃહમંત્રી અને અધિકારીઓ નહિ પરંતુ તુ ધરાવે છે તેવું ગીરીશ કોટેચાએ જણાવ્યું છે.


# જોશીપુરા કુલપતિ હતા ત્યારે શરૂ થયેલ કોન્વોકેશન હોલ નું કામ ૧૭ વર્ષે પૂર્ણ ના થયું !

## આ ખંઢેરનુ શ્રેષ્ઠ નામ સૂચવનાર ૫૦૦૦ નું ઈનામ જાહેર કરી ભાજપ સરકારના કાન મચોડ્યા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૭ માં વિદ્યાર્થીઓ માટે કોન્વોકેશન હોલ બનાવવામાં આવશે તેવી જાહેરાત તત્કાલિન કુલપતિ કમલેશ જોશીપુરા દ્વારા પદવીદાન સમારંભ વખતે રાજ્યપાલશ્રી ની હાજરીમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર વગર કોન્વોકેશન હોલ નું કામ મડતિયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યું હતું.

આ હોલ કાયદા ભવન પાછળ બનાવવામાં આવશે તેવું જાહેર કરાયું હતું. આ હોલ નું ખાત મુહર્ત કમલેશ જોશીપુરા અને કલ્પક ત્રિવેદી દ્વારા સંઘ અગ્રણી મજદૂર સંઘના રાષ્ટ્રીય નેતા હસુભાઈ દવે ના વરદ હસ્તે કરાવવામાં આવ્યું હતું.

હોલ બનાવવામાં ૨ કરોડ જેટલી રકમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોન્ટ્રાક્ટરોને ચૂકવી આપવામાં આવી હતી. સત્તર વર્ષ પછી પણ આ હોલ વાપરી શકાય તેવો થયો નથી. જોશીપુરા દ્વારા ટેન્ડર વગર અપાયેલ કામ પાછળ મડતિયા કોન્ટ્રાક્ટર ૨ કરોડની રકમ લઈ ગયો. સત્તર વર્ષ પહેલા ૨ કરોડ એટલે અત્યારના ૧૦ કરોડ જેટલી રકમ થાય. આટલા વર્ષ વિત્યા બાદ પણ આ કોન્ટ્રાક્ટર અને જવાબદાર સતાધિસો વિરુદ્ધ પોલીસ કેસ પણ દાખલ કરવામા નથી આવ્યો ! કોન્ટ્રકટ્રને બ્લેક લિસ્ટ પણ કરવામા નથી



આવ્યો ! યુનિવર્સિટીએ કોન્ટ્રાક્ટરને ચૂકવેલી રકમની વસૂલી પણ કરવામા નથી આવી તેમજ કોન્ટ્રાક્ટરએ જમા કરાવેલી સેફ્ટી ડિપોઝિટ પણ ફ્રીઝ કરવામા નથી આવી વેધક સવાલો કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત દ્વારા ઉઠાવવામા આવ્યા હતા.વધુમા વિદ્યાર્થીનેતાએ જણાવ્યુ હતુ કે પીએમ ઉષા પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૦ કરોડ રૂપિયાના બાંધકામો તાજેતરમા સતાધિસો દ્વારા મંજુર કરવામા આવ્યા છે પરંતુ ૧૭ વર્ષ જૂનો ઓડિટોરિયમ હોલનું કામ પૂર્ણ કરવાનો વિચાર સતાધિસોની અણઆવડત છતી કરે છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં શિત લહેરોનો અનુભવ

## લઘુતમ – તાપમાન ૧૫ ડિગ્રી આસપાસ પરંતુ ઠંડા પવનોથી તિવ્ર ઠંડીનો અનુભવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવે પવનની દિશમા બદલાઈ છે અને ઉતર-પૂર્વનાં ઠંડા તથા સુકા પવનો ફુંકાવા લાગ્યા છે. આથી આજરોજ રાજકોટ સહિત અનેક સ્થળોએ સવારનાં ભાગે શિત લહેરોથી લોકોએ તિવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. આજે મોટા ભાગનાં સ્થળોએ લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી આસપાસ નોંધાયુ હતું. પરંતુ શિત લહેરોથી ઠંડીની તિવ્રતા વધુ અનુભવાઈ હતી. દરમ્યાન આજરોજ સવારે નલિયા ખાતે ૧૪.૮ ડિગ્રી, વડોદરામાં ૧૪ ડિગ્રી તેમજ અમદાવાદ ખાતે ૧૮.૧, ભાવનગરમાં ૧૯.૨, ભુજમાં ૧૭.૩, દમણમાં ૧૮.૨, ડિસામાં ૧૭.૬, દિવમાં ૧૬.૮, દ્વારકામાં ૨૦.૬, કંડલામાં ૧૯.૩, ઓખામાં ૨૪.૭, પોરબંદરમાં ૧૫.૮, રાજકોટમાં ૧૫.૩ તથા સુરતમાં ૨૦ અને વેરાવળમાં ૨૦.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જયારે જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમ્યાન અડધા ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૬ ડીગ્રી જ્યારે આંશિક વધીને મહત્તમ તાપમાન ૩૦.૫ ડીગ્રી નોંધાયું હતું. મોડી રાતથી લઈને વહેલી સવાર સુધી ઠંડક યથાવત રહી હતી. ભેજનું પ્રમાણ ૬ ટકા વધીને ૭૨ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૪.૧ કિ.મી.ની રહેવા પામી હતી. આથી સવારે અને સાંજે શિત લહેરો અનુભવાઈ હતી. પૂર્વ કે ઉતર પૂર્વનો ફરીને સુકો પવન ચાલુ થયો હતો. જયારે પવનની ગતિ પણ



રાતભર ૧૦થી ૩૦ કિ.મી. પ્રતિ કલાકની રહેતા આજે વહેલી સવારે હવામાન ખુલ્લુ હોવા છતા બેઠા ઠાર સાથે લોકોને ઠંડીનો અનુભવ થતો હતો. જો કે સૂર્યદેવે ઉગતાની સાથે જ રંગ દેખાડવાનું રૂ કરતા સવારે ૧૧ વાગ્યે ફરી ૨૧ ડીગ્રી ઉપર તાપમાન પહોંચી ગયું હતું. તેથી ફરી લોકોને દિવસે ગરમીનો અહેસાસ થતો હતો. સામાન્ય વધારા ઘટાડાના તાપમાને આજે વહેલી સવારે કચ્છનું રણકાંઠાનું ગામ નલીયા રાબેતા મુજબ જ ૬.૭ ડીગ્રી સાથે રાજયભરમાં ઠંડુગાર બન્યું હતું. ત્યારે અન્યત્ર ઠંડીનો ચમકારો જળવાઈ રહ્યો હતો.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# વિદેશ ગયેલા તબીબના ઘરમાંથી ૬.૬૦ લાખના મશીનની ચોરી

## તબીબના ઘરમાંથી ૬.૬૦ લાખના મશીનની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

**શાંતિ હોસ્પિટલ ના તબીબ વિદેશ ગયા બાદ તેના ઘરેથી હોસ્પિટલના વહીવટ દારે મશીન મગાવીયા નું કહી રૂપિયા ૬.૬૦ લાખના મશીન ચોરી કરી જનાર ત્રિપુટીને ગાંધીગ્રામ બે શખ્સને પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ બે યુની પોલીસના પીઆઇ એમજી વસાવા ની સૂચનાથી પીએસઆઇ વી જી ડોડીયા એએસઆઈ જગમાલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નટરાજ નગર ના આવાસ યોજનાના ફ્લેટમાં રહેતો વિશાલ વાલજી વાઘેલા તથા કરણ ધીરુ વાળા અને આજે જીઆઈડીસી પાસે ખોડીયાર પરામાં રહેતો સંજય ભીખા પરમાર નામના ત્રણેય શખ્સોને દબોચી લઈ રૂપિયા ૬.૬૦ લાખના ઓક્સિજન મશીન કબજે કર્યા હતા. આ ત્રણેય શકશો હોસ્પિટલમાં કામ કરતા હોય અને ડોક્ટરની જાણ બહાર મશીન બારોબાર ચોરી કરી નાસી ગયા હતા.**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં સાધુ વાસવાણી રોડ પર આવેલી શાંતિ હોસ્પિટલના તબીબ અમેરિકા ગયાને અજાણ્યા બે શખ્સો અવધ રોડ પર આવેલા તબીબના ઘરે જઈ કળા કરી રૂા. ૬.૬૦ લાખના મશીન ચોરી ગયા હતા. હોસ્પિટલના વહીવટદારે મંગાવ્યાનું જણાવી કરેલી નવતર ચોરી અંગે જાણભેદુ હોવાની શંકાના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર નંદનવન સોસાયટીમાં રહેતા અને સાધુ વાસવાણી રોડ પર આવેલી શાંતિ મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં એડમીનીસ્ટ્રેટીવ તરીકે નોકરી કરતા દિપ ભારથી ભુપતભારથી ગોસાઈ (ઉ.વ. ૨૮) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩૧/૧૦ ના રાત્રે તેઓ ઘરે હતા ત્યારે અવધ રોડ પર ડેકોરા હેબીટેટ ફ્લેટમાં રહેતા શાંતિ હોસ્પિટલના ડો. નિરલ મહેતાના ઘરે બપોરના ચાર થી છ વાગ્યાના સમયમાં બે અજાણ્યા શખ્સોએ જઈ ફરિયાદીના નામથી હોસ્પિટલનો સામાન લઈ ગયા હતા. જે અંગે જાણ થઈ હતી. તબીબના ફ્લેટની એક ચાવી તેમની પાસે અને બીજી ચાવી હોસ્પિટલના કર્મચારીઓ પાસે રહેતી હોય જેથી ડો. નિરલ મહેતાએ કોઈને વસ્તુ લેવા ફ્લેટ ખાતે મોકલેલ હશે અને ડો. નિરલ મહેતા અમેરિકા હોય જેથી કોઈ વાતચીત થઈ ન હતી. દરમિયાન બે દિવસ પહેલા ડો. નિરલ મહેતા અમેરિકાથી પરતા આવતા તેને પૂછતા તેઓએ કોઈને ઘરે મોકલ્યા ન હોવાનુ જણાવ્યુ હતુ. જેથી કોઈ બે શખ્સો તબીબના ફ્લેટમાંથી ૮ ઓટો કોન્સનસ્ટ્રેટર મશીન અને એક બાયપેપ મશીન મળી કુલ રૂા. ૬.૬૦ લાખના નવ મશીન તાળુ ખોલી ચોરી ગયા હતા.જો કે તબીબના ફ્લેટની ચાવી હોસ્પિટલના કર્મચારીઓ પાસે પણ રહેતી હોવાથી જાણભેદુ હોવાની શંકાએ યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રજાપતિ સોસાયટીમાં નામચીન શખ્સ રૂા.૧.૨૪ લાખના એમ.ડી. સાથે ઝડપાયો

## એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે દબોચી લઇ રૂા.૧૨.૪૧ ગ્રામ માદક પ્રદાર્થનો જથ્થો કબજે કયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ન્યુ રાજદીપ સોસાયટીમાં રહેતો પેડલર ડ્રગ્સ લાવ્યો હોય અને વેચાણ કરવાનો છે તેવી બાતમી પરથી એસઓજીના સ્ટાફે વોચ ગોઠવી આ શખ્સને ઝડપી લીધો હતો. તેની તલાશીલેતા કબ્જામાંથી ૧.૨૪ લાખની કિંમતનું ૧૨.૪૧ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી આ ડ્રગ્સનો જથ્થો કબ્જે કરી એસઓજીના સ્ટાફે સપ્લાયર સુધી પહોંચવા માટે ચક્રોગતિમાન કર્યા છે. રાજકોટ શહેરમાં માદક પદાર્થોનું વેચાણ કરતા તત્વો ઉપર ધોસ બોલાવવા અને યુવા વર્ગને નશાના રવાડે ચડતુ અટકાવવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા ની મુહિમ હેઠળ એસઓજીની ટીમ સતત કામીરી કરી રહી છેત્યારે બાતમીના આધારે ન્યુરાજદીપ સોસાયટી મેઈન રોડ ઉપર પટેલ પ્રોવિઝન સ્ટોર પાસે દરોડો પાડી રોડ ઉપરથી ઓમનગર પાસે ૪૦ ફૂટ રોડ પ્રજાપતિ સોસાયટી શેરી નં. ૩/૬ કુળદેવી મકાનમાં રહેતા અંકુર ઉર્ફે બાડો કિરિટભાઈ સંચાણિયા ઉ.વ.૨૭ને ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂા. ૧.૨૪.૧૦૦ની કિંમતનું ૧૨.૪૧ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતુ રૂ. ૧.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વિશેષ પુછપરછ શરૂકરવામાં આવી છે. એસઓજીના પીઆઈ એસ.એમ. જાડેજા સાથે પીએસઆઈ એમ.બી. માજીરાણા તથા એ.એસ.આઈ. ધર્મેશભાઈ ખેર, ઈન્દ્રસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ગોહિલ, અરુણભાઈ બાંભણીયા, હાર્દિકસિંહ પરમાર સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# ઉમા કાન્ત પંડિત ઉદ્યોગ નગરમાં દારૂ ભરેલી scorpio કાર સાથે બુટલેગર ઝડપાયા

## વિદેશી દારૂના ગુનામાં એક વર્ષથી નાસ્તો ફરતા શખ્સને માલવિયા નગર પોલીસે દબોચી લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહુડી રોડ પાસે આવેલા પંડિત ઉમા કાંડ ઉદ્યોગ નગર ના બગીચા પાસે માલવયા નગર પોલીસે બાતમી ના આધારે તભજ્ઞશિજ્ઞ કાર્ડમાં એક બુટલેગરને દબોચી લઈ રૂપિયા ૭૩ હજારનો દારૂનો જથ્થો કબજે કર્યો છે. અંગેની માહિતી મુજબ પોલીસના પીઆઈ જે આર દેસાઈ ની સુચનાથી પીએસઆઈ બીએસ ગજેરા એએસઆઈ હિરેનભાઈ પરમાર એટ કોન્સ્ટેબલ અજયભાઈ તથા દિનેશભાઈ તથા ભાવેશભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે પંડિત ઉમા કાન ઉદ્યોગ નગરમાં આવેલા બગીચા પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન એક કાળા કલરની મહિન્દ્રા કંપનીની scorpio કાર નંબર લષ ૩ ક્ષબ ૪૩૭૩ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરી કાર અટકાવી કારના ચાલક હર્ષ જીગ્નેશ જોશી રહે બજરંગવાડી જામનગર રોડ ની અટકાયત કરી કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૩૧ બોટલ મળી આવતા પોલીસે ₹૧૨.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ટંકારાના બંગાવડી ગામનો સપ્લાયર જયદીપસિંહ જાડેજા ની શોધ કોળ શરૂ કરી છે.

જ્યારે અનેક બનાવમાં વિદેશી દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસ્તો કરતો અને સ્વામિનારાયણ નગર શેરી નંબર પાંચમાં ગોકુળ ગામના પાછળ રહેતો પિયુષ જનક ગજેરે ને માલવયા નગર પોલીસે દબોચી લઈ ધોરણ સદની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટમાં શિક્ષિકાની એકલતાનો લાભ ઉઠાવી સગા જેઠે વારંવાર આચર્યુ દુષ્કર્મ

## પરિણીતાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોધાવતા પોલીસે આરોપને સકંજામાં લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની ભાગોળે યુનિવર્સિટી નજીક આવેલા વિસ્તારમાં રહેતા એક પરિવારના નાના પુત્રના લગ્ન ૧૨ વર્ષ પૂર્વે અન્ય રાજ્યની યુવતિ સાથે થયા હતાં. જે યુવતિ પરણીને સાસરે આવ્યા બાદ ત્રીજા જ મહીનેથી સગા જેઠે તેની પજવણી શરૂ કરી હતી. એક સમયે પરણીતા ઘરે એકલી હતી ત્યારે ઘરમાં ઘુસી આવેલા જેઠે તેના પર બળજબરીથી દુષ્કર્મ આચર્યુ હતું. અને પતિને ઠેકાણે પાડવાની ધમકી આપી હતી. તે સમયે સાસુને વાત કરતા તેણે પણ દોષનો ટોપલો પરણીતા પર ઢોળ્યો હતો. તેનો લાભ ઉઠાવી સગો જેઠ અવાર નવાર દેહ અભડાવતો હતો. છેલ્લે દિવાળી પર ફરી રાજકોટ આવતા જેઠે બિભસ્ત અડપલા કર્યા હતાં. જેથી મામલો પોલીસ સુધી પહોંચતા આ સમગ્ર ઘટના સામે આવી છે.

મળતી વિગતો મુજબ રાજકોટમાં કાલાવડ રોડ પર રહેતી પરિણીતાએ પોતાની ફરીયાદમાં જણાવ્યુ હતું કે તેમના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમને સંતાનમાં એક પુત્ર છે તેમજ પોતે હાલ અમદાવાદમાં પતિ સાથે રહી નોકરી કરે છે. તેમના લગ્ન ૧૩ વર્ષ પહેલા થયા હતા. લગ્ન બાદ તેણી અન્ય રાજયમાંથી રાજકોટ પતિના ઘરે રહેવા આવી ગઈ હતી. તેમના સાસરે જેઠ-જેઠાણી અને સાસુ- સસરા એમ બધા સાથે રહેતા હતા. લગ્નના થોડા દિવસોમાં જ તેમનો જેઠ તેણી પર નજર બગાડવા લાગ્યો હતો. તેમજ જયારે પરિણીતા રસોડામાં રસોઈ કરતી હોય ત્યારે જેઠ પાછળથી શરીરે અડપલા કરતો હતો અને બળજબરી કરવાની કોશિષ કરતો હતો. આ ઘટનાથી ગભરાઈ ગયેલી પરિણીતાએ આ ઘટના અંગે સાસુને વાત કરતા સાસુએ પોતાના પુત્રનું ઉપરાણુ લઈ કહયુ હતું કે આ વાંક તારો છે. ત્યારબાદ આ ઘટના અંગે પતિની વાત કરી ન હતી અને પતિની ખરાબ આદતોને કારણે સાસરીયાવાળા પરિણીતાને ખરાબ શબ્દો બોલ્યા કરતા હતા.

લગ્નનાં પાંચ મહિના બાદ પરિણીતા પ્રેગ્નેન્ટ થઈ હતી અને ત્યારબાદ તેમણે પુત્રને જન્મ આપ્યો હતો. પુત્રને જન્મ આપ્યા બાદ પણ જેઠ પરિણીતાને ખરાબ નજરે જોતો હતો. પોતે રસોડામાં કામ કરતી હોય ત્યારે અવાર નવાર અડપલા કરતો હતો. ત્યારબાદ પરિણીતા તેમના પતિ અને પુત્ર સાથે નાનામવા રોડ પર રહેવા જતી રહી હતી. ત્યારે પતિ ઘરે ન હોય ત્યારે જેઠ કોઈને કોઈ બહાને ઘરે આવી અને બળજબરી પુર્વક શરીર સબંધ બાંધતો હતો અને કહેતો કે તુ કોઈને જાણ કરીશ તો તમને ત્રણેયને હું ક્યાંયના રહેવા નહીં દઉં. પતિ કોઈ ધંધો કરતો ન હોય પુત્ર પણ નાનો હોય જેથી કોઈને નુકસાન ન પહોંચે તેવુ વિચારી પરિણીતા જેઠની તમામ માંગણીઓ મુંગા મોઢે સહન કરતી હતી. ત્યારબાદ પતિ, પત્ની અને બાળક અમદાવાદ રહેવા જતા રહયા હતા ત્યા પણ જેઠ કોઈને કોઈ બહાને પહોંચી જતો હતો અને ત્યા પણ અડપલા કરતો હતો.

ત્યારબાદ સમગ્ર હકીકત પતિને જણાવતા અંતે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં જેઠ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. આ મામલે પીએસઆઈ કારેણા અને સ્ટાફે આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# ૨૦૦ કિલો ગૌમાંસ સાથે વાંકાનેરનો શખ્સ ઝડપાયો

## વાંકાનેરથી પશુનું ગૌમાંસ ભરી જંગલેશ્વરમાં સપ્લાય કરવાનો હતોઃ બાતમીના આધારે પોલીસે પકડી પાડી રૂ.પ.૧૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ગૌરક્ષક કાર્યકરોએ કુવાડવા રોડ જુના પોલીસ સ્ટેશન સામેના રોડ પર પોલીસની મદદથી વોચ રાખી ૨૦૦ કિલો ગૌમાંસ ભરેલી ઈકો કાર સાથે વાંકાનેરના શખ્સને પકડી લઈ એફએસએલના રિપોર્ટ બાદ ગુનો નોંધી આ શખ્સની ધરપકડ કરી ગૌમાંસ, કાર કબ્જે કર્યા છે. ઝડપાયેલા શખ્સે રટણ કર્યુ હતું કે વાંકાનેરથી મિત્રએ આ માંસ જંગલેશ્વરમાં શાદી પ્રસંગ હોઈ ત્યાં પહોંચાડવા આપ્યું હતું. પોલીસ આ માંસ મોકલનારને શોધવા આગળ તપાસ કરશે. ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ જુના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન સામેના હાઈવે પરથી ગૌરક્ષકને મળેલી માહિતીને આધારે બી-ડિવીઝન પોલીસે વોચ રાખી વાંકાનેરના શખ્સને ઈકો કારમાં ૨૦૦ કિલો ગોમાંસ ભરીને નીકળતાં પકડી લઈ એફએસએસનો રિપોર્ટ આવ્યા બાદ ગુનો નોંધ્યો છે. વાંકાનેર તરફથી ભરાયેલુ આ ગૌમાંસ રાજકોટના જંગલેશ્વર તરફ લઈ જવાનું હોવાનું પકડાયેલા શખ્સે રટણ કર્યુ હતું.

આ બનાવમાં બી-ડિવીઝન પોલીસમાં હેડકોન્સ. હિતેષભાઈ જોરૂભા જોગડાની ફરિયાદ પરથી શાહરૂખ મહેબુબભાઈ શાહમદાર (ઉ.વ.૨૧-રહે. વાંકાનેર કુંભારપરા, મતવા મસ્જીદ પાસે ઈબ્રાહીમભાઈના મકાનમાં) તથા તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૬ (બી) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડની તજવીજ કરી તેની ઈકો કાર જીજે૩૬એએલ-૩૦૫૨ રૂા. પાંચ લાખની અને રૂા. ૧૦ હજારનું ૨૦૦ કિલો ગૌમાંસ કબ્જે કરાયા હતાં.

હેડકોન્સ. હિતેષભાઈ જોગડાએ જણાવ્યું છે કે ૨૭મીએ અમે ફરજ પર હતા ત્યારે એએસઆઈ નીતીનદાન ગઢવીએ જણાવેલુ કે અરજદાર મયુરભાઈ મુકેશભાઈ દેસાઈ (રહે. માયાણીનગર-૫) કે જે ગૌરક્ષક કાર્યકર છે તેઓ રૂબરૂ આવીને કહે છે કે કુવાડવા રોડ જુના પોલીસ સ્ટેશન નજીકથી ઈકો કાર નીકળવાની છે અને તેમાં ગૌમાંસ છે. આથી વોચ રાખીને ઉભા રહેતાં જીજે૩૬એએલ-૩૦૫૨ નંબરની ઈકો નીકળી હતી. તેના ચાલકનું નામ પુછતાં શાહરૂખ શાહમદાર (રહે. વાંકાનેર) કહ્યું હતું. ઈકોની ડેકીમાં જોતાં માંસ હોઈ તે ગૌમાંસ હોવાની શંકા હોઈ એફએસએલને બોલાવી કાર્યવાહી કરી હતી. એફએસએલનો રિપોર્ટ આવતાં આ જથ્થો ગૌમાંસ હોવાનું સ્પષ્ટ થતાં ગુનો દાખલ કરાવ્યો હતો. કાર્યકરોમાં મયુરભાઈ દેસાઈ સાથે મયુર પટેલ, ભાવીનભાઈ ઘીયાડ, વિશાલભાઈ રાતડીયા, જયેશભાઈ નિમાવત, દીપકભાઈ રાજગોર, શીવાજીભાઈ રાજગોર, કિશનભાઈ ઠાકોર, ભુરાલાલ સોલંકી, મિલન સોલંકી, ગૌતમ આહિર, જયદીપ પટેલ, અભિષેક આશરા, લાલા રામાવત, મિત ગોસ્વામી, વિશાલ ભરવાડ, ઋત્વીક ગોંડલીયા, મિલન રબારી, મયુર વાલાણી, છગન જોગરાણા સહિતના સામેલ હતા. જયારે હેડકોન્સ. હિતેષભાઈ જોગડા સાથે કોન્સ. વિજયભાઈ સિંધવ, હોમગાર્ડ રવિભાઈ પાનસુરીયા સહિતે કામગીરી કરી હતી. ઈકો કારની ડેકીમાં ઢોરના પગ, અલગઅલ માંસના ટુકડા મળી આવ્યા હતાં. જેનું વજન બસ્સો કિલો જેવુ થયું હતુ. એફએસએલમાં મોકલાયેલા સેમ્પલ મુજબ આ બસ્સો કિલો માંસ ગૌવંશનું હોવાનું સ્પષ્ટ થયું હતું. પીઆઈ એસ. એસ. રાણેની રાહબરીમાં આરોપી શાહરૂખની વિશેષ પુછતાછ થતાં તેણે એવુ રટણ કયુ હતું કે મને વાંકાનેરથી મારા મિત્રએ કહેલુ કે મારી ગાડી ખરાબ થઈ ગઈ છે, આ માંસ રાજકોટ જંગલેશ્વરમાં લગ્ન પ્રસંગમાં પહોંચાડવાનું છે, જેથી હું માંસ મારી ગાડીમાં લાવ્યો હતો. પોલીસે કબ્જે કરેલા માંસને કાર્યવાહી બાદ મનપાના જે તે વિભાગને સોંપવા તજવીજ કરી હતી.

# વાવડી ગામે દુકાનના શટર ઉંચકાવી ૪૦ હજારની રોકડ અને ચાર પંખાની ચોરી

શહેરની ભાગોળે વાવડી ગામે ઈલેક્ટ્રીકની દુકાનને નિશાન બનાવી તસ્કરો દુકાનનું ટર ઉચકાવી રૂ. ૪૦ હજારની રોકડ અને ચાર પંખા મળી કુલ રૂ. ૪૪ હજારની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જાણવા મળતી વિગત મુજબ સોરઠિયાવાડી સર્કલ પાસે માસ્તર સોસાયટી શેરી નં. ૭માં રહેતા અને વાવડી ગામે જીઈબી ઓફિસ પાસે આવેલા બાલાજી કોમ્પલેક્ષમાં નિલકંઠ ઈલેક્ટ્રીક નામે ભાગીદારીમાં દુકાન ચલાવતા ગૌરાંગભાઈ લલીતભાઈ રંગાણી (ઉ.વ.૩૯)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત રાત્રે તસ્કરોએ તેમની દુકાનનું શટર, ઉચકાવી દુકાનમાં રહેલો માલ સામાન વેર-વિખેર કરી કાઉન્ટરમાં રાખેલા હિસાબના રૂ. ૪૦ હજારની રોકડ અને ચાર પંખા મળી કુલ રૂા. ૪૮ હજારની ચોરી કરી નાશી છૂટ્યા હતાં. આજે સવારે તેમના ભાગીદારે દુકાનમાં ચોરી થયાની જાણ કરતા તેઓ દોડી ગયા હતાં. આ અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એલ.બી. ડિંડોરે તપાસ હાથ ધરી છે.

# સંજયનગરના યુવાજ સાથે કાર વેચવાના બહાને સામાકાંઠાના બે શખ્સોએ કરી ઠગાઈ

## કારમાં પડેલો સામાન ઘરે મુકવાનું કહી બેલડી કાર લઈ નાસી છૂટ્યાની ફરિયાદ

રાજકોટમાં વેપારી યુવાને કારનો સોદો કર્યા બાદ રોકડ અને ગુગલ પેથી રૂ.૩,૧૪,૯૯૮ ચૂકવી આપ્યા હતા. રૂપિયા મળી ગયા બાદ બે શખ્સોએ કારમાં મારો સામાન પડેલ છે જે ઘરે મૂકી આવું તેમ કહી કાર લઈ નાસી છૂટયા હતા. અને વેપારી યુવક સાથે છેતરપીંડી આચરી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. રાજકોટમાં જામનગર રોડ ઉપર આવેલા સંજયનગરમાં રહેતા અસલમભાઈ અહેમદભાઈ નામના ૨૯ વર્ષના વેપારી યુવકને કારની ખરીદી કરવી હતી જે અંગે દૂધસાગર રોડ ઉપર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાટરમાં રહેતા રઈશ રમજાનભાઈ રાઉમાને વાત કરી હતી. જેથી રઈશ રાઉમાએ માળિયા મીયાણા ખાતે રહેતા તેના મિત્ર ફકીરમામદ બાઉદીનભાઈ રાઉમાને કાર વેચવાની હોવાનું જણાવ્યું હતું જેથી ફરિયાદી અસલમભાઈએ ફકીરમામદ રાઉમા સાથે વાત કરતા રૂ.૩.૧૫ લાખમાં કારનો સોદો નક્કી થયો હતો જે પૈકીના અસલમભાઈએ રઈશ રાઉમાને રૂ.૧૫૦૦૦ રોકડા આપ્યા હતા જ્યારે માળિયા- મિયાણાના ફકીરમામદ રાઉમાને રૂ.૯૯,૯૯૮ ગૂગલ પે કરી આપ્યા હતા. રોકડ અને ગુગલ પે મળી કુલ રૂ.૩,૧૪,૯૯૮ ચૂકવી આપ્યા હતા રૂપિયા મળી ગયા બાદ બંને આરોપીએ કારમાં મારો સામાન પડેલ છે જે ઘરે મૂકી આવું તેમ કહી કાર લઈ નાસી છૂટયા હતા અને અસલમભાઈને કાર કે રૂપિયા પરત નહીં આપી છેતરપીંડી કરી હોવાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એ.એસ. મકરાણી સહિતના સ્ટાફિક ફરિયાદના આધારે વેપારી યુવાન સાથે છેતરપીંડી આચરનાર બંને શખ્સો વિરુદ્ધ કાનૂની તપાસનો દર લંબાવ્યો છે.

# ક્રિકેટરના સાળાએ દુષ્કર્મના કેસમાં કરી આગોતરા જામીનની અરજી

- **સગાઈ બાદ યુવતીને હવસનો શિકાર બનાવી અન્ય યુવતી સાથે લગ્ન કરી લેતાં ગુનો નોંધાયો'તો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત પાબારીએ યુવતીને લગ્નની લાલચ આપી સગાઈ બાદ હવશનો શિકાર બનાવી સગપણ તોડી નાખ્યુ હતુ અને બાદમાં અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. જે અંગે યુવતીએ જીત પાબારી વિરૂધ્ધ દુષ્કર્મની ફરીયાદ નોંધાવી હતી. જે દુષ્કર્મના ગુનામાં પોલીસ ધરપકડની દહેશતે જીત પાબારીએ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. જે જામીન ઉપર આગામી ૩૦ મી નવેમ્બરના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં કાલાવાડ રોડ પર નુતનનગરમાં રહેતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસીકભાઈ પાબારીએ વર્ષ ૨૦૧૪ માં ફેસબુક મારફતે યુવતીને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી અને બંને સાથે ભણતા હોવાથી બંને વચ્ચે ફ્રેન્ડશીપ થઈ હતી. જે મિત્રતા પ્રેમમાં પરીણમી હતી. બાદમાં જીત પાબારીએ યુવતીને લગ્નની લાલચ આપી ગોળધાણાની વિધી કરી હતી. બાદમાં જીત પાબારી યુવતીને અલગ અલગ સ્થળે લઈ જઈ શરીર સબંધ બાંધ્યો હતો અને બાદમાં અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. આ અંગે છેલ્લા ૧૫ દિવસથી ફરીયાદ નોંધાવવા પોલીસ મથકે ધક્કા ખાતી યુવતીની બે દિવસ પુર્વે જ પોલીસે ફરીયાદ લીધી હતી અને ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળા જીત પાબારી સામે દુષ્કર્મની ફરીયાદ નોંધી હતી. ફરીયાદ નોંધાતા જીત પાબારીએ પોલીસ ધરપકડની દહેશતે કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. જે જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા તા. ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ મુકરર કરી છે. આ જામીન અરજીમાં આરોપી જીત પાબારી વતી રાજકોટના યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી રોકાયા છે.

# મારૂતીનંદન સોસાયટીમાં બે શખ્સોએ જુની અદાવતનો ખાર રાખી મકાન સળગાવ્યું

- **આગ ચાંપનાર શખ્સે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો; પોલીસ ફરિયાદ**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મવડી વિસ્તારમાં આવેલી મારૂતીનંદન સોસાયટીમાં જુના ઝઘડાનો ખાર રાખી બે શખ્સોએ યુવકના મકાનના આંગણે જવલનશીલ પ્રવાહી છાંટી દીવાસળી ચાંપી આગ લગાવતા મકાનમાં નુકશાન થયું હતું. આ મામલે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો મુજબ, મારૂતીનંદન સોસાયટીમાં રહેતા કેતનભાઈ અલ્પેશભાઈ ગોટેચા નામના યુવાને પોતાની ફરિયાદમાં પ્રતિપાલસિંહ જાડેજા અને અજાણ્યા યુવકનું નામ આપતા તેમની સામે મકાનમાં નુકશાન કર્યાની ફરિયાદ નોંધાવામાં આવી છે. કેતનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પોતે ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈકાલે સાંજના છ વાગ્યાના આસપાસ પોતે ઘરની બહાર ખાટલો નાખી બેઠા હતા ત્યારે તે સમયગાળા દરમિયાન એક કાળા કલરની એક્સેસમાં પ્રતિપાલસિંહ જાડેજા અને તેમની સાથે અજાણ્યો શખ્સ ત્યાં આવ્યા હતા. તેઓ પાસે રહેલા ડબલામાં જવલનશીલ પ્રવાહી ઘરના આંગણમાં છાંટી દીધુ હતું અને બે થી ત્રણ દીવાસળી સળગાવી નાખતા આગ લાગી હતી. આ ઘટના દરમિયાન પિતા અલ્પેશભાઈને ફોન કર્યો હતો. પ્રતિપાલસિંહની સાથે આવેલો અજાણ્યા શખ્સે ઘટનાનો વિડીયો ઉતાર્યો હતો. ત્યાર બાદ આ બન્ને શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. આ મામલે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવતા એ.એસ.આઈ. કે.યુ.વાળા અને સ્ટાફે આરોપીને ઝડપી પડવા તપાસ શરૂ કરી છે.

# રૂ.૬૧.૩૮ લાખની જીએસટી ચોરી મામલે પોલીસને બીજા દિવસે વધુ સાત કૌભાંડીયોની ધરપકડ

ભગવતીપરા વિસ્તારમાં પરમાર એન્ટરપ્રાઈઝ નામે બોગસ પેઢી ઉભી કરી અન્ય ૧૪ પેટા કંપનીઓ બનાવી રૂ.૬૧.૩૮ લાખની જીએસટી ચોરી કરી કૌભાંડ આચરવામાં આવતું હોવાની ફરિયાદ નોંધાતા ક્રાઈમ બ્રાન્ચે ગુના નોંધી પાંચ શખસોની ધરપકડ કરી પાંચ દિવસના રીમાન્ડ પર લઈ તપાસ હાથ ધરી છે. ભગવતીપરામાં આવેલી પરમાર એન્ટરપ્રાઈઝ નામની પેઢી દ્વારા જીએસટી ચોરી કૌભાંડ આચરવામાં આવ્યા બાદ જીએસટી વિભાગે તપાસ હાથ ધરી હતી. અને ૧૪ પેટા કંપની કૌભાંડ આચર્યાનું તપાસમાં ખુલ્યું હતું જીએસટી વિભાગના સુપ્રિ જયપ્રકાશસિંધ રામચંદ્રસિંધએ ક્રાઈમ બ્રાન્ચમાં પરમાર એન્ટરપ્રાઈઝ નામની પેઢીના સંચાલકો, યશ ડેવલોપર, ઈકરા એન્ટરપ્રાઈઝ, સીવીલપ્લસ એનજી,ધનશ્રી મેટલ સહિતની ૧૪ પેઢીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુના નોંધયો હતો. દરમ્યાન આર્થિક ગુના નિવારણ સેલના ઈન્ચાર્જ પીઆઈ એસ.એમ.જાડેજા તથા સ્ટાફે આ પ્રકરણમાં રાજકોટના અમન રફીકભાઈ, સૈયદ ઉર્ફે કાળુ મજીદભાઈ, સુરેન્દ્રનગરના કારાની અમનભાઈ, વિશાલ પરમાર અને પાર્થ પરમારની ધરપકડ કરી પાંચ દિવસના રીમાન્ડ પર લીધા છે. પોલીસની તપાસમાં મુખ્ય સુત્રધાર અમદાવાદના બોપલમાં રહેતા અને હાલ જીએસટી કૌભાંડમાં જેલમાં રહેલા મહેશ લાંગા નામનો શખસ હોવાનું ખુલ્યું હતુ અને પોલીસે મહેશનો કબજો લેવાની તજવીજ હાથ ધરી છે. આ પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચે સાત બોગસ સંચાલકોની ધરપકડ કરી છે. જેમાં જામનગરની મોટી ખાવડીમાં રહેતા લખુભા નાનભા જાડેજા, ગાંધીનગરમાં રહેતા કોન્ટ્રાકટર શૈલેષ ઘનશ્યામભાઈ પટેલ, સાધુવાસવાણી રોડ પર સનસીટીપર્લમાં રહેતા પાર્થ મનોજભાઈ રોજીવાડીયા, મુળ રાજસ્થાનના હાલ કોઠારીયા ગામે ગણેશપાર્કમાં રહેતા ભેરૂસિંહ શંકરસિંહ રાજપુત, જુનાગઢના કોન્ટ્રાકટર મનીષ બળવંતભાઈ જોબનપુત્રા, જુનાગઢના કોન્ટ્રાકટર અલ્પેશ ગોબરભાઈ હીરપરા, અને કોટડા સાંગાણી ગામના ફીરોજ અબ્દુલભાઈ જુણેજાની ધરપકડ કરી પોલીસે રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.